# 61

**વાયબ્રન્ટ સમિટના ૨૦ વર્ષની સ્મૃતિમાં બહાર પાડવાના સિક્કા બાબત.**

***15/4/2423 : ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા)**: માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : –

| | **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|---|
| (૧) | તા.૧૫/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ વાઇબ્રન્ટ સમિટના ૨૦ વર્ષની સ્મૃતિમાં રૂા.૨૦ ના સિક્કા બહાર પાડવા રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને દરખાસ્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | ના, આ દરખાસ્ત મુદ્રાઓ અને સિક્કાઓ બાબતના ડિવિઝન, આર્થિક બાબતોના વિભાગ, નાણાં મંત્રાલય , ભારત સરકાર ને કરેલ. |
| (૨) | જો હા, તો રૂા.૨૦ ના કેટલા સિક્કા બહાર પાડવા માટે ક્યારે દરખાસ્ત કરવામાં આવી, | દરખાસ્ત રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને કરેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉક્ત એક સિક્કા દીઠ કેટલો ખર્ચ થયેલ છે, | રૂા.૨૦,૪૦૫/– પ્રતિ ફ્રેમ ખર્ચ થયેલ છે. |
| (૪) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા સિક્કા માટે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને | ૧૩૬ ફ્રેમ માટે કુલ રૂા.૨૭,૭૫,૧૨૫/–રકમ ચુકવેલ છે.ઉકત સ્થિતિએ કોઈ રકમ ચુકવવાની બાકી નથી. |
| (૫) | ઉક્ત ચુકવવામાં આવેલ રકમ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવી? | IND-5-ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો |

---